# અમૂલ ડેરીના ત્રણ સરકારી સભ્યોની નિમણુંક બાબતની આજે સુનાવણી

## હાઈકોર્ટના ચુકાદાબાદ વા. ચેરમેનની ચૂંટણીમાં પડેલા મતોની ગણતરી થશે

ભાસ્કર ન્યૂઝ | આણંદ

આણંદની અમૂલ ડેરીની ચૂંટણી ગત 23મી ઓક્ટોબરના રોજ યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે રામસિહં પરમાર બીનહરીફ ચૂંટાયા હતા. જ્યારે વાઈસ ચેરમેન પદ રાજેન્દ્રસિંહ પરમાર અને રાજેશભાઇ પાઠક વચ્ચે જંગ ખેલાયો હતો. જેમાં મતદાન થયા બાદ હાઈકોર્ટના આદેશ અનુસાર ચૂંટણી અધિકારીએ તમામ મત પેટીઓ સીલ કરીને હાઈકોર્ટમાં મોકલી આપી હતી. હાઈકોર્ટમાં 3 સરકારી પ્રતિનિધઓની નિમણુંક અંગે સુનાવણી બાદ ચુકાદો જાહેર થાય તો હાઈકોર્ટની દેખરેખ હેઠળ વાઈસ ચેરમેનની ચૂંટણીમાં થયેલા મતદાન અંગે મતગણતરી હાથ ધરાશે.

રાજ્ય સરકાર દ્વારા અમૂલ ડેરીના નિયામક મંડળના ત્રણ સરકારી પ્રતિનિધિઓ નીમવામાં આવ્યા હતા. જે અંગે તમામ ડિરેકટરોએ તેનો જોરદાર વિરોધ કર્યો હતો. આ અંગે હાઈકોર્ટમાં પણ અપીલ કરીને સહકારી ધોરણે સ્થાપાયેલી સંસ્થા કે જેનું કોઈ સરકારી લેણું નથી. તેમાં ત્રણ સરકારી પ્રતિનિધી ના નીમી શકાય તેવી રજૂઆત કરીને નિમણુંકો રદ કરાવવા માટે દાદ માંગી હતી. જો કે એ પહેલાં અમુલના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી 23મી ઓકટોમ્બરના રોજ હાઈકોર્ટના આદેશ અનુસાર યોજાઈ હતી. જેમાં રામસિંહ પરમાર બીનહરીફ ચૂંટાયા હતા. જ્યારે વાઈસ ચેરમેન પદ માટે રાજેન્દ્રસિંહ પરમાર અને રાજેશભાઇ પાઠક વચ્ચે મતદાન થયું હતું. હાઈકોર્ટના આદેશ અનુસાર ત્રણ સરકારી સભ્યોના મત અલગ અને બાકીના ચૂંટાયેલા 13 ડિરેકટરોના અને બે સહકારી પ્રતિનિધીઓના મત અલગ પેટીમાં સીલ કરી દેવામાં આવ્યા હતા.